# ૯ સપ્ટેમ્બર –૨૦૧૬ (શુક્રવાર)

**(૧) હવામાનની સચોટ જાણકારી માટે ઇસરોએ ઇનસેટ–3DR લોન્ચ કર્યો.**

– ઇસરોએ આંધ્રપ્રદેશના શ્રી હરીકોટામાં આવેલા સતિષ ધવન સ્પેસ સેન્ટર ખાતે ઇન્સેટ 3DR ને સફળતાપૂર્વક લોન્ચ કર્યો.
– આ મોડર્ન સેટેલાઇટથી હવામાનની સચોટ જાણકારી મળી શકશે.
– નવીનતમ રોકેટ જીએસએલવી – એફ ૫ ની મદદથી ઉપગ્રહને લોન્ચ કરાયો હતો.
– આ લોન્ચિંગમાં પહેલીવાર ભારતમાં બનેલા ક્રાયોજેનિક એન્જિનનો ઉપયોગ કરાયો હતો.
– હાલમાં ભારત પાસે કલ્પના– ૧ ઇન્સેટ ૩/એ અને ઇનસેટ ૩ડી હવામાન માટેના ઉપગ્રહ છે.
– ઇનસેટ ૩ડીઆર આ ત્રણેયથી અત્યાધુનિક છે.
– ઇનસેટ ૩ડીઆરનું વજન – ૨૨૧૧ કિ.ગ્રા.
– તેની સંચાલન ક્ષમતા આઠ વર્ષ રહેશે.
– ઇનસેટ –૩ડીઆર પૃથ્વીની સપાટીથી ૩૬.૦૦૦ કિલોમીટર ઉપરથી દર ૨૬ મીનીટે પૃથ્વીની તસવીર મોકલાશે.
– તેમજ રેડિયેશન, દરિયાની સપાટીનું તાપમાન, બરફથી સપાટી, ધુમ્મસની માહિતી આપશે.
– ઇનસેટ – ૩ડીઆરનું કંટ્રોલ કર્ણાટક ખાતે અવોલા હાસનના ઇસરો સેન્ટર રાખશે.

**(૨) જીએસટી બિલમાં રાષ્ટ્રપતિના હસ્તાક્ષર અને બની ગયો કાયદો :**

– રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જીએસટી બિલને મંજુરી આપી દીધી.
– બિલનો અમલ કરવા માટે ૧૫ રાજ્યોની મંજુરીની જરૂર હતી.
– આ બિલને મંજુરી મળવાને કારણે હવે જીએસટી કાઉન્સીલની રચના થશે જે એસ નક્કી કરશે.

**(૩) ઇન્દ્રા નુઇ – પેપ્સિકો સીઇઓ :**

– તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્ચ્યુન દ્વારા વિશ્વની ૫૧ મોસ્ટ પાવરફુલ મહિલાઓની યાદી તૈયાર કરાઇ હતી.
– પેપ્સિકોની સીઇઓ ઇન્દ્રા નઇને આ યાદીમાં પ્રથમ સ્થાન મળ્યું છે.
– આ યાદીમાં સામેલ થનાર તે એકમાત્ર ભારતીય છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ઇસરોએ હવામાનની જાણકારી માટે કયો ઉપગ્રહ લોન્ચ કર્યો ?
– ઇનસેટ – ૩ડીઆર
(૨) કયાં રોકેટથી ઇનસેટ – ૩ડીઆર નું લોન્ચિંગ કરાયું હતું ?
– જીએસએલવી – એફ–૫
(૩) ઇનસેટ–૩ડીઆરનું વજન જણાવો.
– ૨૨૧૧ કિ.ગ્રા
(૪) ઈનસેટ–૩ડીઆરનું લોન્ચિંગ ક્યાંથી કરવામાં આવ્યું હતું ?
– સતિષ ધવન સ્પેસ સેંન્ટર
(૫) ઇસરોની કઇ શાખા દ્વારા ઇનસેટ – ૩ડીઆરનું કંટ્રોલ થશે ?
– કર્ણાટકમાં આવેલા હાસનના ઇસરોના સેન્ટર ખાતેથી
(૬) પેપ્સિકોના સીઇઓ કોણ છે ?
– ઇન્દ્રા નુઇ
(૭) ફોર્ચ્યુન મેગેઝીનની યાદી મુજબ વિશ્વની ૫૧ મોસ્ટ પાવરફુલ મહિલાઓની યાદીમાં કઇ એકમાત્ર ભારતીય મહિલાને સ્થાન મળ્યું છે ?
– ઇન્દ્રા નુઇ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧